મજકુર કામે આરોપી સામે ઈ.પી.કોડની કલમ ૧૮૮ તથા જી.પી.એકટની કલમ ૧૩૧ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

આ કામે આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો જોતાં સમન્સ ટ્રાયબલ કેસ છે અને સાથે સાથે આરોપીઓ સામે આઈ.પી.સી. કલમ–૧૮૮ મુજબનો આક્ષેપ મુકવામાં આવેલ છે. અને તે જોતાં ક્રિ.પ્રો.કડોની કલમ ૧૯૫ની જોગવાઈ ધ્યાને લેતાં તેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરેલ છે કે આઈ.પી.સી.ચ કલમ–૧૭૨ થી ૧૮૮ મુજબના ગુનાનું કોગ્નીઝન્સ કોઈપણ કોર્ટ ફરીયાદની  લેખિત ફરીયાદી સિવાય લઈ શકાય નહીં. અને લેખિત ફરીયાદની વ્યાખ્યા સી.આર.પી.સી.ની કલમ–૨ડી માં આપવામાં આવેલ છે. અને તેમાં પોલીસ રીપોર્ટનો લેખિત ફરીયાદમાં સમાવેશ કરેલ નથી.

હાથ પરના કિસ્સામાં સી.આર.પી.સી.ની કલમ ૨ ડી મુજબ કોઈ લેખિત ફરીયાદ રજુ થયેલ નથી. પોલીસ રીપોર્ટને આધીન તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ ફાઈલ કરેલ છે. અને તે જોતાં સી.આર.પી.સી.ની કલમ ૧૯૫ના આદેશાત્મક જોગવાઈનું પાલન થયેલ હોવાનું ફલિત થતું નથી. અને આ બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતનો મોહમ્મદ મોહસીનનો સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો કે તે ૨૦૧૯(૧) જી.એલ.એચ. પાના નં. ૬૯૩ પર પ્રકાશિત થયેલ છે. તે તમામ ચુકાદામા પ્રસ્થાપિત સિધ્ધાંતો જોતાં આઈ.પી.કલમ ૧૭૨ થી ૧૮૮ સુધીની કોઈ પણ ફરીયાદ ફરીયાદીની લ ેખિત ફરીયાદ સિવાય ચાલી શકશે નહીં અને કોર્ટ તેનું કોગ્નીજન્સ પણ લઈ શકશે નહીં. આમ, હાથ પરના કિસ્સામાં તપાસ કરનાર અમલદાર ધ્વારા અને ફરીયાદી ધ્વારા સી.આર.પી.સી.ની કલમ ૧૯૫ની જોગવાઈઓનું પાલન થયેલ ન હોય. સદર ગુનાનું કોગ્નીજન્સ આ કોર્ટ લઈ શકે તેમ ન હોય આ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવે તો પણ કોઈ ફળદાયી પરિણામ આવવાની શકયતા જણાતી ન હોય તેમજ જી.પી. એકટની કલમ ૧૩૧ની જોગવાઈ બાબતે જી.પી. એકટની કલમહ ૭૨ વંચાણે લેતાં જી. પી. એકટની કલમ ૫૬, ૫૭, ૫૭(એ) ના હુકમના ભંગ બદલ કોઈ આરોપી મળી આવે તો જ પોલીસને વગર વોરંટે ધરપકડના પાવર્સ આપેલા છે. આ બાબતે નામદાર વડી અદાલતનો ક્રિ.મી.એ.નં. ૧૫૨૨૬/૦૭ કે જે વાઘરી જયોત્સનાબેન ગોવિંદભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે વગર વોરંટે ધરપકડ કરવાના અધિકારથી જ ગુનો કોગ્નીઝેબલ બની જતો નથી. અને તેથી ત.ક. અમલદારે સી.આર.પી.સી.ની કલમ–૧૫૫(૨) મુજબ

કોર્ટની પરવાનગી લેવી આવશ્યક છે. સાથે સાથે જી.પી.એકટમાં કલમ ૯૦(એ), ૧૧૮ અને ૧૪૩ નોન કોગ્નીઝેબલ ઓફેન્સ તરીકે દર્શાવેલ છે. આમ, જી. પી. એકટની કલમ ૧૩૧નો ગુનો પણ નોન કોગ્નીઝેબલ ગણાય અને તેથી ત.ક.અમલદારે કોઈ જ આદેશાત્મક જોગવાઈઓનું પાલન કરેલ ન હોય અને દેખીતી રીતે સી. આર.પી.સી.ની કલમ ૧૯૫, તથા ૨ (ડી)ના આદેશાત્મક જોગવાઈઓનો બાધ નડતો હોય, સદર કેસની કાર્યવાહી સી.આર.પી.સી.ની કલમ ૨૫૮ અંતર્ગત સ્ટોપ કરવી યોગ્ય અને વાજબી જણાતી હોય નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:આખરી હુકમ :**

આરોપી સામેના સદર કેસની કાર્યવાહી સી.આર.પી.સી.ની કલમ ૨૫૭ની જોગવાઈ અંતર્ગત સ્ટોપ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે. ફરીયાદી વાજબી સમય મર્યાદામાં સી.આર.પી.સી.ની કલમ ૧૯૫ની જોગવાઈને આધીન યોગ્ય કાર્યવાહી ધરવા સમક્ષ રહેશે. અને તેને આ હુકમથી કોઈ બાધ આવશે નહીં.

સદર હુકમ આજ રોજ તા. ૧૪ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૧૯ના રોજ સ્પે. સીટીંગમાં આ કોર્ટ દ્વારા વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવેલ છે.

(એમ. એ. મિરઝા)
એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૦૧, અમદાવાદ.
(જીજે–૦૦૭૧૩)

સ્થળ: અમદાવાદ
તા.૧૪–૦૯–૨૦૧૯